الهادي
THE GUIDE
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૦ હી., ૨૦-૯-૨૦૦૯

# –::: ઈદુલ ફિતર : ખુશીનો ગુલદસ્તો :::–

શહરૂલ્લાહિલ હરામના ૩૦ અય્યામની ઈબાદતોની મૌસમ બાદ, જિસ્માની ઝકાત આપી રોઝા ધરવાની મહેનત અને મશક્કતના ઈન્આમ અને તોહફાના તૌર પર અલ્લાહતઆલા મુમેનીનને ૧ શવ્વાલના દિન એની નેઅમતની બહારની ખુશી ઈનાયત કરવા ઈદુલ ફિતરનો મુબારક યૌમ નસીબ કરે છે. **ઇદુલ ફિતરની ખુશી અને મસર્રતનો ઇઝહાર કરવાનો હક્ક** એને જ છે કે, જેએ શહરૂલ્લાહની માઅરેફત કરી અલ્લાહતઆલાને રાઝી કીધા હોય, દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની ઈતાઅત કીધી હોય, વાજેબાતને અદા કીધી હોય, રોઝા રાખા હોય, મુમેનીન સાથે મોહબ્બતથી પૈશ આવા હોય, તહજ્જુદની નમાઝ પઢી હોય, કારોબારથી બેપરવાહ થઈ પોતાની રોઝીને અલ્લાહ પર છોડી હોય, નાનામાં નાના ખૈર અમલને લઈ ઉઠા હોય.

મુમેનીનની જેહાદનો આ એક એવો લાજવાબ ઉમદા સિલો છે જેને મુમેનીન તકબીરાની નિદા સાથે મનાવે છે. ઈદ રાતની મગરિબની નમાઝથી ઈદુલ ફિતરના દિનની અસરની નમાઝ તક, એમ પાઁચ ફરઝ બાદ, **"અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, લા ઇલાહા ઇલ્લલ્લાહો અલ્લાહો અકબર. અલ્લાહો અકબર વ લિલ્લાહિલ હમ્દ, અલ્લાહો અકબર અલા મા હદાના."** ના તકબીરા બ-આવાઝે બલંદ પઢાય છે. કોઈ શખ્સ આ તકબીરાને બોલવું ભૂલી જાય તો જે વકત તેને યાદ આવે તે વકત બોલી લે. આ તકબીરામાં અલ્લાહતઆલાની અઝમત અને કિબરીયાઈની **પાઁચ વકત** ગવાહી દેવાય છે. આ સાથે "તેના સિવાય કોઈ ખુદા નથી, તેના વાસ્તે જ તમામ હમ્દો તાઅરીફ છે, તેના સિવાય કોઈ રાહે હક્ક- સીધો રસ્તો અને હિદાયત આપી શકે એમ નથી." આ તસવ્વુરને તકબીરામાં કુલ આઠ અલફાઝમાં બયાન કરવામાં આવેલા છે.

> عید مبارک
> **હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆએ પુરઅસર સાથે મુમેનીન મુખ્લેસીનને હમેં તહે દિલથી ઈદુલ ફિતરની મુબારકબાદી અને ફરહતો સુરૂરની બશારત પૈશ કરીએ છીએ.**

અર્શે અઝીમને ઉચકનાર આઠ ફરિશ્તાઓ, આઠ જન્નતમાં વસનારા મુમેનીન અને ઝમીન ઉપર આઠો પહેર યાઅની કે, હર પલ-હર ઘડી અલ્લાહના દીને હક્કને મુમેનીનના દિલોમાં ઝિંદા કરવાના અંબિયા, ઔસિયા, અઈમ્મત, અબ્વાબ, હુજ્જતો, દોઆત, માઝૂનીન અને મુકાસિરીન એમ દાઅવતના આઠ સાહબો તકબીરાના આ કલામોની રોશનીમાં દાઅવત કરતા હોય છે. મુમેનીન તકબીરા પઢીને ફરિશ્તાઓ, જન્નતીઓ અને દાઅવત શુરૂ થઈ ત્યાંથી લઈને કયામત આવશે ત્યાં તકના સાહબોના વસીલા ઈદુલ ફિતરની દોઆ સાથે લે છે. **ઇમાનદારોને ઇફતારની આ ખુશી મયસ્સર થઇ તે અલ્લાહની હક્કની દાઅવતનો અને ઔલિયાઉલ્લાહના ફૈઝો બરકતનો કરિશ્મો છે.** આજે દાઅવતના મિનાર બલંદ છે જેની શાહિદી ઈદુલ ફિતરનો યૌમ આપે છે કે, જેમાં અલ્લાહતઆલાની મોટાઈ, તેની હમ્દો સના અને તેના તરફથી હિદાયતની બોલબાલા છે. તેથી જ તો ઈદ રાતની નમાઝમાં વશૈક સાથે તતવ્વાઅની ૧૦ રકાત પઢવામાં આવે છે. જેમાં **"સુબ્હાનલ્લાહ વલ હમ્દો લિલ્લાહ...."** ની તસ્બીહ પઢાય છે અને આખિરમાં સજદો દેતી વકત અલ્લાહના મુબારક નામો સાથે દોઆ પઢાય છે જેનો મફહૂમ છે કે, "તું મારા ગુનાહો

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک

## -: શરાબ : નાપાક દુનિયાનો શયતાની બાદશાહ:--: કિસ્ત-૩ :-

કુરઆની આયતોની દલીલથી સાબિત છે કે, ખુદાતઆલાની દાઅવત એક તરહની જન્નત છે. આ ઈલાહી દાઅવતની રહેમતના સાયામાં આવનાર હર શખ્સ જન્નતી છે. જન્નતમાં મુમેનીન વાસ્તે મધ, દૂધ, પાની અને પાકીઝા શરાબની નહેરો વહે છે જેના વાસ્તે ખુદાતઆલા કહે છે કે, **લઝ્ઝતિલ લિશ શારેબીન,** આ નહેરોમાંથી જન્નતીઓ જે જે ચીઝ પીશે, લઝ્ઝતદાર શરાબ પીશે પણ એને નશો નહીં ચઢે, માથામાં દુખાવો નહી થાય, કોઈ તરહની બરબાદી નહી થાય અને દિમાગી ખુમારથી મદહોશ નહી થાય. આ જન્નતી દાઅવતનું ઈલ્મ એવું છે કે જેથી નશો ચઢતો નથી, જિસ્મના આઅઝા બેકાબૂ થાતા નથી, દિમાગ બીમાર પડતો નથી પણ ઈલ્મ રૂપી જેટલું શરાબે પાકીઝા મુમિન પોતાના ઈમામની રઝાથી પીએ છે તો **જેમ જેમ ઇલ્મી શરાબથી એનું નફસ પાક-તૈયેબ થાય છે તેમ તેમ એના જિસ્મનો હર આઅઝા ઇલ્મ મુજબ અમલ કરીને લઝ્ઝત ઉઠાવે છે.** હવે જે બદકિસ્મત લોગોને જન્નતની ઈલ્મરૂપી નહેરોનું શરાબ નસીબ ન થયું તેઓ હક્કની દાઅવતના દુશ્મનો પાસેથી ઈલ્મે નાપાક લઈ એવા શરાબી બની જાય છે કે, તેની મસ્તીનાં નશામાં ચકચૂર થઈને ચારે બાઝું શરાબીઓના અડ્ડાઓ પર જઈને ભટકે છે. તે અડ્ડાઓનો મુખીયા આ ભટકતા શરાબીઓને તરહ તરહની નાપાક શરાબ પીવાની આદત પર ચઢાવીને એની આઁખ, કાન, ઝબાન અને દિલને મંદ પાડી દે છે કે જેથી તે ઈલ્મે નાપાકનું શરાબખાનું એને પોતાનું ઘર લાગે છે, હર ગુમ્રાહી કરનારી ગલી હિદાયતનો રસ્તો લાગે છે, હર શરાબી અડ્ડાનો મુખીયા એને પોતાનો ઈમામ લાગે છે.

બધાને બધી ચીઝની સમઝ પડવી નામુમ્કિન છે, તમામ ની અકલ અલગ, સમઝ અલગ તેમ યાદ કરવાની યા વિચાર કરવાની તાકત અલગ, ઈલ્મને હાસિલ કરવાની કાબિલીયત અલગ, દુનિયાના તમામ ઈલ્મો-ઊલૂમ કરતા શરીઅતનું ઈલ્મ ભારીમાં ભારી, હર કોઈની બસની વાત નથી કે આ ઈલ્મને હાસિલ કરી શકે. કેમ કે ઈમામે હક્કની માઅરેફત સિવાય આ ઈલ્મને સમઝવું દુશ્વાર છે, ઈમામે હક્કને નઝદીક જ શરીઅતના ઝાહિર-બાતિનને જાણી શકાય છે. સાહબે હક્ક મુમિનની ઝહેની તાકતને અને દિલના ખુલૂસને માપી લે છે કે કોણ-કયા અને કેટલા ઈલ્મને લાઈક છે, **મુમિનને એટલું જ ઇલ્મ હાસિલ કરવું જોઇએ જેને બરાબર સમઝી શકાય અને તેને જાણીને હયરત કે પરેશાની ન થાય !** જેમ કોઈ શરાબ પીતો જાય, છાક ચઢતો જાય, બેહોશી વધતી જાય અને એને ખબર ન પડે કે એ કઈ જગા પર છે, કઈ હાલતમાં છે, તેમ અકલ બરદાશ્ત કરે, ઝહેન કુબૂલ કરે એવું અને એટલું જ ઈલ્મ જાણવું જોઈએ. તો જ તે ઈલ્મ હલાલ છે, મુફીદ છે અને ગફલતો ગુમ્રાહીથી નજાત બખ્શનાર છે. નહી તો, તે ઈલ્મ શરાબ જેમ હરામ છે જેનાથી અકલ સલામત ન રહે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"તકીયો"** રાખવું મારૂં દીન છે અને મારા બાપ-દાદાઓનું દીન છે. હર ચીઝમાં તકીયો કરવો જોઈએ જે વક્ત દુશ્મનોનો ખૌફ હોય યા જાનને ખતરો હોય પણ ત્રણ ચીઝમાં તકીયો કરી શકાય નહીં. તકીયો યાઅની દુશ્મનોના ડરથી પોતાના ઈમાનને, અકીદાને અને અમલને છુપાવવું. તે ત્રણ છે : (૧) **શરાબ**ના હરામ હોવામાં (૨) **વુઝૂમાં પગની મસહ** કરે તે વક્ત મોઝાઓને ઉતારવામાં (૩) નમાઝમાં કિરાત પહેલા **બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ** ને ખુલ્લા તૌરથી પઢવામાં. કોઈ શરાબ પીવા તરફ બોલાવે યા મજબૂર કરે તો લાચાર થઈને શરાબ પીવાને બજાય શરાબીઓની સોહબત છોડી દેવી જોઈએ યા શરાબ પીવી હરામ છે એમ સાફ-સાફ લફઝોમાં કહી દેવું જોઈએ. કોઈ અહલે ઝાહિર પોતાના તૌરથી વુઝૂ કરતો હોય તો એના ખૌફથી મોઝાઓ પર પગની મસહ ન કરવી જોઈએ પણ મોઝાને ઉતારીને અહલે બૈત (અ.સ.) ના તરીકાથી જ પગની મસહ કરવી જોઈએ. આમાં પણ તકીયો જાઈઝ નથી. નમાઝમાં પણ કોઈ પણ સૂરત પઢતા પહેલા બિસ્મિલ્લાહ ને મુકવું જોઈએ નહીં, ભલેને કિરાત ઝાહિરમાં ઝોરથી પઢાતી હોય યા મનમાં પઢતા હોય. બીજાઓના ડરથી બિસ્મિલ્લાહ પઢવામાં તકીયો ન રાખવો જોઈએ. ★

**અકલ દિલમાંથી આવે છે, રહેમ કલેજામાંથી આવે છે, સમઝ આઁખમાંથી આવે છે.**

عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: ગુલ્શને ફિકહ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક

✤ મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, ઝોહરની નમાઝનો પહેલો વક્ત સૂરજનું ઝવાલ થાવું છે. ઝવાલ થાવાની નિશાની એ છે કે કોઈ સાયા વાલી ચીઝને એક મોઅતદલ સપાટ-સીધી ઝમીન ઉપર દિનના શુરૂમાં કાઈમ કરવામાં આવે, તે વક્ત એ ચીઝનો સાયો મગરિબ (west) તરફ લંબો-દરાઝ હશે. જેમ જેમ દિવસ ગુઝરશે તેમ તેમ તેનો સાયો ટૂંકો થાતો જાશે ત્યાં તક કે જ્યારે સૂરજ બરાબર માથા ઉપર આવશે તે વક્ત સાયો ગાયબ થઈ જાશે. થોડા વક્ત પછી તેનો સાયો મશ્રિક (east) તરફ આહિસ્તા-આહિસ્તા વધશે. હવે સાયાની આ હરકત થાય તો તે ઝોહરની નમાઝનો પહેલો વક્ત છે, જેને સૂરજનો ઝવાલ કહેવાય.

✤ આપ (અ.સ.) થી રિવાયત છે કે, જે વક્ત સૂરજનો ઝવાલ થાય તો **બેવે નમાઝો ઝોહર અને અસરનો વક્ત આવી જાય છે** અને ઝોહરની નમાઝ બાદ અસરની નમાઝ પઢવાથી કોઈ ચીઝની રૂકાવટ આવતી નથી. સિવાય કે, બેવે નમાઝોને દરમિયાન નાફેલત અને તસબીહ અદા કરવી જોઈએ કે, જે ઝોહર બાદ અને અસરના પહેલે અદા કરવાની હોય છે. ઝોહરના ફરઝ બાદ ઝોહરનું નાફેલત અને અસરનું સુન્નત એમ કુલ ૮ રકાત બેવે ફરઝોને દરમિયાન વક્તની હાજતને પૂરી કરી દે છે.

✤ મૌ. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, આપ (સ.અ.વ.વ.) મશ્રરબતે ઉમ્મે ઈબ્રાહીમ, જે એક મસ્જિદનું નામ છે, જ્યાં ઝવજએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હ.મારીયાહ કિબ્તીયાહ ઉમ્મે ઈબ્રાહીમ રહેતા હતા, તેની તરફ નીકલા અને આપના સાથે આપના અસ્હાબમાંથી એક શખ્સ હતા. આપે મશ્રરબત પર ચઢીને તે શખ્સ સાથે સૂરજના ઝવાલ થાવાની તફતીશ કીધી તો માઅલૂમ થયું કે, ઝવાલ થઈ ચુકો છે. આપ અઝાન કહીને એક ખજૂરી નઝદીક ઉભા રહ્યા અને ત્યાં ઝોહરના સુન્નતની નમાઝ પઢી તે બાદ આપે ઈકામત કીધી અને બીજી ખજૂરીના પાસે પધારા અને તે શખ્સને આપની જમની તરફ રાખીને ઝોહરના ફરઝની ચાર રકાત અદા કીધી. તે બાદ બીજી જગા પર ઉભા રહીને ઝોહરના નાફેલતની ચાર રકાત પઢી.

તે બાદ આપે અઝાન દીધી અને અસરના સુન્નતની ચાર રકાત અદા કીધી પછી ઈકામત કહીને તે શખ્સ સાથે અસરના ફરઝની ચાર રકાત પઢી તો વાઝેહ થયું કે, ઝોહર અને અસરના ફરઝોને દરમિયાન નાફેલત અને તસ્બીહ નો જ વકફો રહ્યો. ઝોહર અને અસરના વક્તોની પહેચાનનો આ આમ કાનૂન છે. ઝોહરની નમાઝનો આખિરી વક્ત સૂરજના ઝવાલ બાદ ૨ કલાક તકનો છે જેમાં નમાઝ અદા પઢી શકાય છે અને અસરનો આખિરી વક્ત સૂરજનું પીલું પડવું છે યાઅની ઝવાલ બાદ 3½ કલાક.

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં અસરની નમાઝ અદા પઢી લો, જે વક્ત સૂરજ સફેદ સાફ શફ્ફાક હોય અને તેમાં પીલાશ ન આવી હોય. નમાઝની આ તમામ રિવાયત અહલુલ બૈત અને અઈમ્મતુલ હક્ક (અ.સ.) ના મુખાલિફો બયાન તો કરે છે, માને પણ છે મગર ફક્ત હક્કના ઈમામોની દુશ્મની અને અદાવતના ખાતિર આ અહલે આમના આલિમો એ ઝોહર-અસરની નમાઝોના વક્તોમાં તબ્દીલી લાવી અસરની નમાઝ તેના આખિરી વક્તમાં પઢવા લાગી ગયા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાવાજીનો કૌલ છે કે, **ઔલિયાઉલ્લાહ-અલ્લાહના વલીયોની મુખાલેફત કરનાર, ખિલાફ જાનાર, ઇન્કાર કરનાર, જૂઠ-બનાવટ કરનાર મુખાલિફોને અલ્લાહતઆલા તેઓના ઇન્કાર કરવાના બદલામાં શાહીદ અઝાબ કરનાર છે.**

✤ આમ-ઝાહિરના લોગોના જાહિલોએ આલે મોહંમદ (સ.અ.) ના પાક ઈમામોની મોહબ્બત, વલાયત અને ઈતાઅતને મુકી દીધી જેને અલ્લાહએ પોતાના અને પોતાના પ્યારા નબી સાથે જોડેલી છે. **આ ઇતાઅતને મુકવાના સબબ તેઓ સહી અને પાક ઇલમથી મેહરૂમ રહ્યા** જે ઈલ્મને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પોતાની આલે અત્હર અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના સીનાઓમાં, મૌલાના અલી (અ.સ.) અને માઁ ફાતેમા (અ.સ.) ના ઝરીએ મુકી ગયા હતા. આ મુખાલેફતની આગ એટલી હદ તક ભડકી કે, શરીઅતના બુનિયાદી ઢાઁચાને તહેસ-નહેસ કરી નાંખો અને આજે હમેં જોઈએ છે કે, મોહિબ્બાને અહલે બૈત (અ.સ.) નું ઈલ્મ અને અમલ મીઠા પાનીના ચશ્મા જેમ છે અને મુખાલિફોના ઈલ્મો અમલ ખારૂ ગંદું પાની છે જેનાથી કોઈ તરહની સેહત હાસિલ થાનાર નથી. ★

عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک

## -::: દીવાને હસીન :::-

**સૈ.ફખરૂદ્દીન સાહબ (આ.કુ.) ના કલામે અન્વર**

**ઉર્સ મુબારક : ૨૦ શવ્વાલ**

પૈદા કિયા અલ્લાહને જબ હઝરતે આદમ, આલમ સે મુકદ્દમ,
ઉસ વકત હુવા હુકમ ખુદા કા યે મલક પર, અય નાઇબે હયદર.
સજદા કરો ઇનકો કે યે હે નૂર હમારા, હે અર્શ સે ઉતરા,
આયા હે વો નૂર હો કે નકલ દાઇ કે અંદર, અય નાઇબે હયદર.
જબ નામ કે આદમ ને ફરિશ્તોં કો સિખાએ, ઔર દાઇ બતાએ,
યે દાઇ મેરી પીઠ સે સબ હોએંગે બાહર, અય નાઇબે હયદર.
દાઇ કે કદમ ચૂમતેં હૈં ઇસ લીયે દીંદાર, એક રોઝ મેં સેહ બાર,
ઔર જાન કો કરતેં હૈં ફિદા ઉનકે કદમ પર, અય નાઇબે હયદર.
ખિદમત કરૂં તેરી યે કહાઁ મેરા મુકદ્દર, અય શાફએ મેહશર,
યે દૌલતે ઉકબા હો કહાઁ મુઝકો મયસ્સર, અય નાઇબે હયદર.
જિસને કે ઝુકાઇ ન તેરે કદમોં પે ગરદન, હરગિઝ નહીં મુમિન,
બેઆબ કા મોતી હે વો પત્થર કે બરાબર, અય નાઇબે હયદર.
શાહિદ હે ઇમામતકી તેરી સૂરએ યાસીન, ઔર સૂરએ વત્તીન,
પઢતા હે સલામ આપ પર અલ્લાહો પયમ્બર, અય નાઇબે હયદર.
દાઅવત તુમ્હે પહોંચી હે નબી કી યે યકીં હે, શક ઇસમેં નહીં હે,
રૌશન હે તેરી ઝાત સે યે મસ્જિદો મિમ્બર, અય નાઇબે હયદર.
પાઇ હે કસમ તેરી ઇમામત કી ખુદા ને, આકિલ હો વો જાને,
જારી હે તેરી ઝિક્ર ફરિશ્તોં કી ઝબાઁ પર, અય નાઇબે હયદર.
મરઝી તેરી મરઝી મેં હે અલ્લાહો નબી કી, ઔર મૌલા અલી કી,
મરદૂદ તેરે ઘર કા હે શયતાઁ કે બરાબર, અય નાઇબે હયદર. ★

**અબ્દુર્રહમાન બિન કૈસ એની કૌમના એક શખ્સથી રિવાયત કરે છે કે, " મેં મૌલાના અલી (અ.સ.) ને એક ખુલ્લી જગામાં બેસીને વાત કરતા જોયા એ વાતચીતમાં લંબાનથી હદીસે નબવી બયાન કીધી યહાઁ તક કે, સૂરજ દીવારથી ઉપર આવો તુલૂઅ થયો, તે વક્ત હમદાનનો એક શખ્સ ઉઠો અને દીવાર પર કપડું ટીંગાવીને સાયો કીધો અને કહ્યું કે, અય મૌલા, આપ મને એવી ફાયદામંદ હદીસ ફરમાવો કે, જેથી અલ્લાહતઆલા મને ફાયદો આપે. આપ (અ.સ.) એ ફરમાવું કે, રસૂલે અકરમે મને ખબર કીધી છે કે, હું અને મારા શીઆ હૌઝે કૌસર પર સૈરાબ થઈને વારિદ થઈશુ અને બીજાઓને કૌસરથી ફૈઝ અપાવીશુ. હૌઝે કૌસરના ઘાટ પર આવશે હમારા દુશ્મનો જે ઘણા પ્યાસા હશે અને જેના મૂઁહ કાલા હશે. અય હમદાની ભાઈ, આ મુખ્તસર મારા અલ્ફાઝને યાદ રાખ. તું એના સાથે જ છે જેને તું પસંદ કરીશ અને તારા વાસ્તે તે જ ચીઝ છે કે જે તું કમાયો. "**

**વાઅદા-વચન-પૈમાનને બરાબર વફા કરવો જોઈએ પછી તે પોતાના હાદી સાથે હોય યા આમ લોગો સાથે હોય. કોઈ સાથે ધોકેબાઝી ન કરવી જોઈએ સબબ કે એને કીધેલા કોઈ પણ વચનનો રૌઝે કયામત સવાલ કરવામાં આવશે.**

عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: " જે કોઈ અદબ સીખો ઈન્સાઁ થયો, અદબ જે ન સીખો તે હૈવાઁ થયો ":::-

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના લખ્તે જિગર, નૂરે નઝર ફરઝંદે બાજમાલ ઈમામ હસન (અ.સ.) ને ફરમાવે છે કે, અય મારા પ્યારા દિકરા, તમેં અદબને હાસિલ કરો. તમારા દિલ, દિમાગ અને ઝહેન ને અદબના જૌહરથી રોશન કરો. હર વક્ત અદબ હાસિલ કરવામાં મશ્ગૂલ રહો, કોઈ વક્ત તેનાથી ગાફિલ ન થાવ. સુસ્તી ન કરો. આ અદબની ચીઝ તે ચીઝ છે, જેમાં કોઈ વક્ત ફસાદ શામિલ નથી થાતો. અદબ ના સહારે જ તમેં તમારા ઝિંદા રહેવાના મકસદ તરફ પહોંચશો. અદબ તમારો ભરોસાવાલો સાથીદાર છે જે વેહશત-ખૌફને દૂર કરશે. અદબથી જ તમારી અકલ ગુલે ગુલઝાર જેમ ખિલશે, દિલ સાફ થાશે, ઝબાનમાં તૈઝી આવશે.

માલ અને ખૂબસૂરતીથી ઈન્સાનીયત નથી આવતી પણ અદબ જ મુરૂવત અને ઈન્સાનીયતની બુનિયાદ છે. અદબથી જ તો ઈન્સાનની ખૂબસૂરતી છે, ઝીનત છે, પેહચાન છે, ભલા અખ્લાક છે. **બેઅદબ શખ્સ, ઇન્સાન નથી પણ હયવાન છે અને અદબવાલો શખ્સ ઇન્સાનોમાં તમામથી ખૈર છે.** જેના હાથમાં સરદારી ન હોય તો અદબ તેને સરદાર બનાવી દે છે. અદબ શીખવું, અકલમંદ ઈન્સાનની નિશાની છે અને તેનાથી દૌલત પણ હાસિલ કરી શકાય છે. અદબવાલો દિલનો નૈક અને સઆદતમંદ; તેમજ બેઅદબ ઝલીલ અને કમબખ્ત. અય મારા પ્યારા દિકરા, દુનિયામાં ઝોહદ-પરહૈઝગારી એ છે કે, તમેં શેહવતોથી દૂર રહો, આખેરત વાસ્તે ખાલિસ-ભલી રગબત કરો જેમાં તમારા ખાલિકની માઅસીયત-નાફરમાની ન થતી હોય. ઈબ્લીસી આલિમ, અદબવાલા મુમિન ઉપર કાબૂ નથી પાઈ શકતો. **ઇલ્મો અદબ, અદીબ-અદબવાલા વાસ્તે સુલ્તાન છે, તાકત છે, અઝમત છે, અલ્લાહની ખુશીનો દફીનો છે.** ઈલ્મો અદબને હાસિલ કરનાર વાસ્તે અલ્લાહના તરફથી એક એવી ઈઝઝત છે જેનાથી અદીબ બાતિલ ના દિમાગને ચૂર-ચૂર કરી નાખે છે, ગઝબ-ગુસ્સાને પી જાય છે, તો આવા હાલાતમાં ઈબ્લીસ લઈન કઈ તરહ અદીબ ઉપર કાબૂ પાઈ શકે ?

અય મારા પ્યારા હસન! તમેં અહમકની સોહબતથી દૂર રહેજો. આ અહમક તે છે કે જેના પાસ ન ઈલ્મ છે ન અદબ છે. જે વક્ત તે ગની-માલદાર થાય છે તો ફૂલાય જાય છે અને જે વક્ત તે ફકીર-મોહતાજ થાય છે તો અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ થઈ જાય છે. જે વક્ત તે ખુશ થાય છે તો હદથી વધી જાય છે અને ગમગીન થાય છે તો દુનિયાવાલાનો કુસૂર કાઢે છે. તેને કોઈ સવાલ થાય તો જવાબ આપવામાં સુસ્તી અને બખીલી કરે અને જે વક્ત તે કોઈને સવાલ કરે તો જવાબ લેવા વાસ્તે બેસબરી-જલ્દબાઝી કરે. કોઈ ચીઝ કહે તો ખૈરખ્વાહીની વાત કહે નહીં અને તેને કોઈ ચીઝ કહેવામાં આવે તો સમઝે નહીં. **હૅસે તો ભૂંકે અને રોઇ તો ભસે, સઝા કરવામાં સખ્તી કરે અને તેને કોઇ સઝા કરે તો ગુસ્સે થઇ જાય.** સીધા ચાલવાનું કહેવામાં આવે તો આગલ વધી જાય અને તેને કોઈ સલાહ આપવામાં આવે તો ખોટું લાગી જાય. તેની દોસ્તી નુકસાનદેહ અને તેનાથી દૂરી રાહત. જો તે કઈ આપે તો એહસાન જતાવે અને તમેં તેને કઈ આપો તો ભુલાવી દે. તેની કોઈ મખ્ફી વાત ખુલી જાય તો તમને તોહમત દે અને તમેં જો તેને કોઈ મખ્ફી વાત કહો તો બીજાને બકી દે. તે અગર તમારાથી ઉપર હોય તો ઝુલ્મ કરે અને તમારાથી નીચે હોય તો તમારી બેઈઝઝતી-તૌહીન કરે. આવા અહમક શખ્સથી તમેં અલ્લાહતઆલાની પનાહના તલબગાર થાજો.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"અદબુદ્દીને કબ્લદ્દીન"**, યાઅની દીનમાં દાખિલ થાતા પહેલા દીનની અદબ શીખો. અમીરૂલ મુમેનીન ફરમાવે છે કે, "અય મુમિન, તું તારા બચ્ચાઓને અદબ શીખાવ જેના સબબ મોટા થઈને તે તારી આઁખોની ઠંડક બને. **યતીમ તે નથી જેના માઁ-બાપ ન હોય, પણ યતીમ તે છે કે જે ઇલ્મ અને અદબથી મેહરૂમ હોય.**

અદબ અપના મઝહબ-શરીઅતનો એક અહમ અને અતૂટ હિસ્સો છે, જેના સાયએ મુફીદમાં મુમિન એક મુનવ્વર અને બાઈઝઝત ઝિંદગી ગુઝારે છે. અપને ઝિંદગીના હર ગોશા-પાસામાં નઝર નાખીશું તો અપના તૈયેબી મુમેનીનના દિવસ-રાતનો હર શુગ્લ-કામકાજ અદબની ખુશ્બૂથી મુઅત્તર છે. નબીઓ, વસીઓ, ઈમામો કે દોઆતનો

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: ઈન્સાફ પસંદ કાઝી અને તરફદારી :::-

મૌ. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, બની ઈસ્રાઈલની કૌમમાં એક કાઝી હતો જે ઘણો જ ઈન્સાફ-પસંદ, હક્ક તરફ ફેસલો કરનાર અને મુજરિમને એના જુર્મ મુજબ સઝા થાય તે વાસ્તે ખૂબ તદબીર કરનાર હતો. જે વક્ત આ કાઝીને મૌત આવી તો પોતાના બૈરોને કહ્યું કે, જે વક્ત મેં મરી જાવ અને મને કબરમાં ઉતારવામાં આવે તો તું ફૌરન મારી કબરના નઝદીક આવજે અને મારી કબરમાં ઉતરીને મારા મૂઁહને જોજે. જે વક્ત તું મારો ચહેરો જોઈશ તો એવી ચીઝ તુને નઝર આવશે કે, તું ખુશ થઈ જઈશ, ઈન્શાઅલ્લાહ.

હવે, જે વક્ત એ કાઝી ગુઝરી ગયો તો એની બૈરો કબરમાં એનો ચેહરો જોવા ઉતરી. બૈરો શું જોઈ છે કે, એક મોટો કીડો એના મરદના નસકોરામાં ઘુસે છે, એને ઈઝા આપીને દોબારહ બાહર નીકલે છે. આ વહેશતનાક અને અલમનાક મંઝર જોઈને બૈરો કાંપી ઉઠી ! રાતે ખ્વાબમાં બૈરોએ એના મરદને જોયો અને કહ્યું કે, અય મારી બૈરો, શું તું મારા ચહેરાની હાલત જોઈને કઁાપી ઉઠી ? બૈરોએ કહ્યું કે, હાઁ, **હું ઘણી પરેશાન અને બૈચેન છું. કાઝીએ જવાબમાં કહ્યું કે, જે કઇ મારી હાલત છે તે તારા સબબથી છે.**

તું જે તરહ ઘરમાં મારા સાથે સુલૂક કરતી હતી તેનો ખૌફ હર વક્ત મારા ઝહેનમાં રહેતો હતો અને તારૂં તારા ઘરવાલા તરફનું વલણ પણ મને પરેશાનીમાં નાખતું હતું. એક દિન તારા ભાઈનો કોઈના સાથે ઝઘડો થયો અને બેવે ઈન્સાફ વાસ્તે મારા નઝદીક આવા. જે વક્ત બેવે જણા મારા સામે બેસા હતા અને શાહિદો પોતાનું બયાન આપતા હતા તો મારા દિલમાં એમ વાત આવી કે, અલ્લાહ કરે કે ફેસલો મારા સાલાના હકમાં આવે, અને એની જીત થાય. બસ, તારા ભાઈ વાસ્તે આટલી જ **તરફદારી અને રિઆયતના** ખયાલના સબબ મારા પર અઝાબ નાઝિલ થયો અને જે તુંને જોયું એમાં હું મુબ્તેલા થયો.

હર વક્ત ઈન્સાફથી પૈશ આવવું એ અલ્લાહને ઘણું પસંદ છે. થોડી પણ ગૈર-સુલૂકી યા નાઈન્સાફી ઈન્સાન વાસ્તે અલ્લાહની નારાઝગીનો સબબ બનાવી શકે છે. ★

---

*(પેજ નં. ૧નું બાકી)* ***ઈદુલ ફિતર.....***

અને ખતાઓને મઆફ કર તેમજ મારા રોઝા-નમાઝને કુબૂલ કર." **મુમેનીનના હર અમલ સાથે, પછી તે ખુશીનો હોય યા ગમીનો, ઇબાદત, ઇસ્તિગફાર અને દોઆને જોડી દેવામાં આવી છે.**

કેવો હસીન અને નિરાલો સંગમ છે કે, મુમેનીન પોતાના શફીક મૌલા સાથે રૂહાની બાવાજી દાઈયુલ્લાહ હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની પુરનૂર હાઝરીમાં ઈદુલ ફિતરની ફજેરે રબ્બુલ ઈઝઝતના એહસાનાતને યાદ કરીને દોઆમાં શરીક થાય છે, આપને મુબારકબાદીના કલેમાત અરઝ કરે છે. આ સાથે મસ્જિદો અને ઘરોમાં મોહબ્બત અને ઈખ્લાસનો એ મંઝર હોય છે કે, મુમેનીન એક-બીજાને **"મુસ્તાઅફી યા ગુસ્તાખી મઆફ યા બોલુ-ચાલુ માઆફ"** કહીને ગલે લાગે છે. જાણે કે, ઈદ મધની મીઠાશની જેમ કામ કરે છે, મુમેનીન આ ખુશીના દિનમાં તમામ કડવાશને ભુલીને અલ્લાહની નેઅમતોની નૂરાની ચાદરમાં સમેટાઈ જાય છે અને મોહબ્બતની કલમથી પોતાની ઝિંદગીના એક નવા વરક પર તેહરીર કરે છે. અલ્લાહતઆલા મુમેનીનને હર તે ચીઝ મુબારક કરજો જેની બુનિયાદ મોહબ્બત પર હોય. ★

---

*(પેજ નં. ૫ નું બાકી)* ***જે કોઈ અદબ સીખો.....***

ઘણો સીધેસાદો કૌલ છે કે, **જે શખ્સમાં અદબ નથી તે અમારા માંથી નથી.** આ જ બુનિયાદ પર અપને અને અપના બચ્ચાઓની આદતોમાં અદબ, દૂધમાં સાકરને જેમ મીલી જાય છે. પછી તે આદાબ, બયતુલ ખલાના હોય યા મસ્જિદના યા જમવાના યા સુવાના યા ઝિયારત કરવાના યા કબ્રસ્તાનમાં જાવાના યા બુઝુર્ગો સાથે વાતચીત કરવાના યા રિશ્તાઓને સાચવવાના યા મેહમાન-નવાઝી કરવાના યા બિમારની તબીઅત પૂછવાના યા સલામ બોલવાના યા મજલિસમાં બેસવાના યા મુજામેઅત કરવાના યા પાક થાવાના યા હજ્જ પઢવાના યા કોઈ સાથે મુલાકાત કરવાના યા લિબાસ પહેરવાના હોય, હર ચીઝમાં તેહઝીબ-અદબનો મુઝાહેરો કરવામાં જ ઈમાનનું નૂર ઝલકે છે. ★

عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) મૌ.નૂહ નજીયુલ્લાહનો દુશ્મન. (૨)

(૨) ઈલ્તેજા, પેશકશ. (૩)

(૩) યમની દાઈએ બલાગ જે ઈલ્મ પઢવા મૌ.ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનામાં મિસ્રિ ગયા. (૩)

(૭) -----, જેમ ચહેરાને ઝીનત આપે છે, તેમ સખાવત, કિરદારને ઝીનત આપે છે. (૨)

**આડી તરકીબ :**

(૨) ઈમાન પૂરેપૂરૂં ----- છે. (૩)

(૪) ઘર, મકાન. (૨)

(૫) લઝઝત, ઝાયેકો. (૨)

(૬) માઁ-બાવાજીના ચહેરાની એક --- જોવી પણ ઈબાદત છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | લા | | |
| | હા | જ | રા | |
| ખૌ | જ | | ઝિ | ના |
| | ત | લા | ક | |
| | | લ | | |

**સહી જવાબો મોકલનાર :**

કુદસીયાહ ઈમ્તિયાઝહુસેન મોતીવાલા.

★

## -::: ભલા લોગો :::-

હ.અમ્માર ઈબ્ને યાસિર બયાન કરે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અય અલી ! ખુદાતઆલાએ તમને તે ઝીનતથી ઝીનતદાર કીધેલા છે કે જે ઝીનત ખુદાને ઘણી પસંદ છે. આ ઝીનત **"અબરાર"** ની ઝીનત છે, અબરાર, તે ભલાઈ કરનાર લોગોને કહે છે. આ લોગોની સીરત એવી છે કે, જેઓ દુનિયામાં ઘણું થોડું દિલ લગાવે છે. અય અલી ! તમેં એટલો ઝોહદ કીધો અને દુનિયાના આરામને મૂકો કે તેનો કોઈ ઐબ તમને નહીં લાગે. ખુદાતઆલાએ તમારા દિલમાં ફકીરો, મિસ્કીનો અને મોહતાજોની મોહબ્બત ઉતારી છે અને તમેં એ સઘલાને ખૂબ ચાહો છો અને તમને તેઓએ પોતાના ઈમામ તસ્લીમ કીધેલા છે. **"ફતૂબા લેમન અહબ્બકા વ સદ્દકા ફીકા વ વયલુન લેમન અબ્ગઝકા વ કઝ્ઝબા અલયકા"** યાઅની કે, જન્નતની નેઅમતોની ખુશખબરી એ શખ્સને વાસ્તે કે, જે શખ્સે તમને મોહબ્બત કીધી અને હલાકી એ શખ્સને વાસ્તે કે જેએ તમને અદાવત કીધી અને તમને જૂઠા કીધા. અય અલી ! જે શખ્સે તમને મોહબ્બત કીધી એ જન્નતમાં તમારો પડોશી છે, હમનશીન છે. જે શખ્સે તમને જૂઠા કહ્યા, તો ખુદા કયામતના દિન એને જૂઠા લોગોની ઉભા રહેવાની જગામાં ઉભો રાખશે. આ જગા એવી છે કે જ્યાં ખુદાતઆલાની રહેમત નહીં હોય મગર લાઅનત હશે. જેમ કુરઆનમાં ઈરશાદ છે કે, **અલા લાઅનતુલ્લાહે અલલ કાઝેબીન**, જૂઠું બોલનાર પર અલ્લાહની લાઅનત છે. અય અલી ! **તમેં સૈયેદુલ અબરાર છો, ભલા લોગોના સરદાર છો.** અબરાર તે લોગો છે જેના સાથે અગર કોઈ બદી કરે, એને ઈઝા આપે તો એના સાથે બદી કરવાને બદલે ખૈર સુલૂકથી પૈશ આવે અને એની હર તરહ મદદ કરે. ★

عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: આજ આઈ ઈદ હે :::-

હમ્દ કી બરકાત લે કે આજ આઈ ઈદ હે,
શુક્ર કે સજદાત લે કે આજ આઈ ઈદ હે.
ચેહરએ દાઈઝઝમાન બેશક હિલાલે ઈદ હે,
ખુશિયોં કે નગમાત લે કે આજ આઈ ઈદ હે.
દાઈ કી હી દીદ મેં હૈં પંજતન કી દીદ ભી,
જન્નતી નેઅમાત લે કે આજ આઈ ઈદ હે.
ફાઝેલા રાતોં મેં કી હે મેરે મૌલાને દોઆ,
ખૂબ ઈન્આમાત લે કે આજ આઈ ઈદ હે.
હો ગયે આઝાદ હમ નારે જહન્નમ સે ઝફર,
બરકતે સલવાત લે કે આજ આઈ ઈદ હે.
ગુલ્શને દાઅવત હે હુબ્બે દાઈ સે મેહકા હુવા,
મૌસમે હસનાત લે કે આજ આઈ ઈદ હે.
મુમિનોં કે દિલ ભરે હૈં ઈદ કી ફરહત સે આજ,
તોહફઓ હદીયાત લે કે આજ આઈ ઈદ હે.
તેહનીયત ઈસ ઈદ કી દાઈ કો અપને દો રફીક,
હાસિલે તહીયાત લે કે આજ આઈ ઈદ હે. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | | |
|---|---|---|
| નામ | : | નજમુદ્દીન મુલ્લા યુસુફઅલી સમલાયાવાલા |
| સરનામું | : | કુરલા, મુંબઈ. |
| વફાતની તારીખ | : | ૩ રમઝાન ૧૪૩૦, ૨૩/૮/૨૦૦૯. |
| ફોન | : | ૦૨૨-૨૫૦૪૦૬૭૭. ★ |
| નામ | : | શીરીનબુ રજબઅલી છાલયરવાલા (અકબરઅલી કાઁચવાલાના બૈરો) |
| સરનામું | : | બદરી મોહલ્લા, વાડી, વડોદરા. |
| વફાતની તારીખ | : | ૮ રમઝાન ૧૪૩૦, ૨૮/૮/૨૦૦૯. ★ |

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

**અલ્લાહતઆલા તે બંદાને રહેમ કરે છે જે તેના રબથી ડરે, તેની ઝાતથી નસીહત લે, તેની તૌબાને આગલ કરે, તેની શેહવત પર ગાલિબ થાય. અગર તેને મૌત આવી ગઈ હોય, તેની ઉમ્મીદોએ તેને ધોકો દીધો હોય અને શયતાને તેના પર ગલબો કીધો હોય તો પણ અલ્લાહ તેના પર રહેમ કરશે.**

## -::: ઝાહેર ખબર :::-


### અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.
ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

### અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઈનર વેર વ્યાજબી ભાવે મીલશે.**
*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**Zenith**
HEARING AIDS BY ELKON audifon

AM unitron hearing
**100 % DIGITAL INVISIBLE ITC & CIC**
" NATIONAL PLAZA "
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
" THE EMPEROR"
Fatehgunj Main Road Ph : 2787744
" SHIPRA"
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
"KEDAR"
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307


عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك عيد مبارك

## -::: ઝાહેર ખબર :::-


**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

**લકી કારપેટ સેન્ટર**

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

---

*Karlo Zyada Percentage Ka Irada*

**AZM TUITIONS**

અનુભવી ભા.સા. અહમદઅલી ની ઝાતી નિગરાનીમાં ધો.૮-૯-૧૦ માટે એરેબિક, પરશીયન, હિન્દી, ગુજરાતી અને સમાજવિદ્યા (અંગ્રેજી - ગુજરાતી માધ્યમ) ના ટયુશન ચાલુ છે. ચાહો તો લાભ લઇ શકો છો.

મીસાકના બચ્ચાઓ વાસ્તે દીની તાઅલીમ આપવામાં આવશે.

મો. ૯૩૭૪૫૧૦૫૩૮ ઘર : ૨૫૬૬૫૨૫

For investment in Equity & Commodity Market

Call : 9898177187 ★

---

**એમ. એમ. ગ્લાસ**

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાચા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


## -::: ઝાહેર ખબર :::-


LIC

भारतीय जीवन बीमा निगम

LIFE INSURANCE CORPORATION OF INDIA

**Mustakali Vohra**

Insurance Consultant

Ph.: (0265) 2583316

(0265) 2021406

"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"

2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.

Monarch art

● Screen Printing ● Offset Printing ● DTP Job Work


## -::: ખુશહાલ :::-

દુનિયામાં એવા ખુશહાલ, તંદુરસ્ત, માલદાર, તાકતવર લોગો છે જે એમ સમઝે છે કે, જે ખુશહાલીમાં તેઓ છે તેનાથી ખુદા રાઝી છે. ગલત રસ્તો ઈખ્તિયાર કરીને જે કઇ દૌલત અને તાકત ભેગી કીધેલી છે તેનાથી ખુદા ખુશ છે. બીજા પર ઝુલ્મ કરી, રોવડાવી, દગાબાઝી કરીને જે કઇ એ કરે છે તેના સાથે એનો ખુદા છે. ગમે તેટલી બદકારી કરે, બુરાઇ કરે પણ એ હમેશા ખુશહાલ રહે છે અને વટમાં ને વટમાં કહે છે કે, જોવ ! મને કઇ થાય છે ! રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બાઝ ખુશહાલ શખ્સ ખોટીયાઓ હોય છે. એને કોઈ તમીઝ યા શુઊર હોતો નથી. જે કઇ એ કમાઇ છે, ખાઇ છે, રાહતમાં રહે છે, તે એના મુકદ્દર મુજબ છે. મગર અલ્લાહતઆલા તો આખેરત વાસ્તે એનો ચોક્કસ ફેસલો કરી ચુકો છે કે, એ શખ્સ સઈર (ભયાનક જહન્નમ) માં બલશે. ભલે દુનિયા એના વાસ્તે હસીન હોય પણ આખેરત એના વાસ્તે એટલી જ હૌલનાક, અલમનાક, વેહશતનાક અને ખૌફનાક હશે. ★

## -::: મુબારકબાદ :::-



**અસગરઅલી અને ફાતેમા ગાંધી** ના ફરઝંદે અરજુમંદ **"અબ્બાસઅલી"** એ ફકત ૧૩ વરસની ઉંમરમાં રમઝાનુલ મોઅઝ્ઝમના મુસલસિલ ૮ વર્ષથી પૂરા મહીનાના રોઝાઓ રાખી જમાઅતના બચ્ચાઓ વાસ્તે એક કાબિલે દાદ અને બહેતરીન મિસાલ કાયમ કીધેલી હોય તેના વાસ્તે હમેં મુબારકબાદી પૈશ કરીએ છીએ. ★

عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک عید مبارک

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✤ અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં એક સાલમાં કુલ ૧૨ મહીનાઓની ગિન્તી બતાવી છે. જેમાં ચાર મહીના હુરમતવાલા છે, મોહર્રમ, રજબ, ઝિલકાદ, ઝિલહજ્જ. આ મહીનાઓમાં મુમેનીન વાસ્તે જંગ કરવું હરામ છે, પણ કાફેરીન આ હુકમને ખિલાફ જઈને અહલે ઈમાન પર હમલો કરતા હતા. હુરમતનાં અય્યામમાં જે ચીઝ અલ્લાહ તરફથી હરામ કરવામાં આવી હતી, તેને કાફિરો હલાલ કરી દેતા હતાં. મગર ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, હલાલોના મિન કિતાબિલ્લાહે વ હરામોના મિન્હો - અલ્લાહની કિતાબથી જ હમારૂં હલાલો હરામ છે. આ શરીઅતે ઈસ્લામમાં હલાલ-હરામમાં તબ્દીલી લાવવી યા ફેરફાર કરવાનો કોઈને હક્ક નથી યહાઁ તક કે, નબી યા ઈમામનો પણ નહીં. **દાઅવતુલ હક્કના કોઇ પણ નસના સાહબ, આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી લઇને ઇમામુઝ્ઝમાન (અ.સ.) તક તમામે તમામના પોતાના ૧૨ હુજ્જતો હોય છે.** આમાંથી ૪ હુજ્જતો આઅલા-અફઝલ હોય છે અને આ ચાર હુજ્જતોમાંથી એક તમામથી આઅલા હોય છે. જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ૧૨ હુજ્જતોમાંથી ચાર હુરમતવાલા સાહબો છે : મૌલાના હમઝા, મૌલાના જાઅફરૂત્તૈયાર, મૌલાના અબુ ઊબૈદા અને અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.), જેમાં અલીએ આઅલા તમામ કરતા અફઝલો બરતર છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ મક્કાથી મદીના હીજરત કીધી તે વક્તથી હિજરી સાલની ઈબ્તેદા થઈ, જેમાં પહેલો મહીનો મોહર્રમ અને આખિરી મહીનો ઝિલહજ્જ છે. સાલના ૧૨ મહીનાઓના અય્યામની ગિન્તી ૩૫૫ છે, જે ચાંદ (કમર) ની ચાલ અને નિઝામ પર દારોમદાર રાખે છે. ચાંદની ગરદિશ પર ચાલતા અય્યામ અને કબીસાનો નિઝામ અને ગિન્તી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌલાના અલી (અ.સ.) ના વક્તથી જ અમલમાં હતી, જેના ઈલ્મને અપના ઈમામોએ પૂરી ફાતેમી દાઅવતમાં મુન્તશર કીધું. આજે અપના હાથમાં જે મિસરી કેલેન્ડર છે, તે અપના પાક ઈમામો અને દોઆતોની કોશિશોનો નતીજો છે, જેમાં આજ તક અય્યામની ગિન્તીમાં કોઈ ખામી કે કુસૂર દાખિલ થયો નથી. અપની હક્કાનીયતની આ મોટામાં મોટી નિશાની છે કે, **અપના ઇમામુઝ્ઝમાન (અ.સ.) ના હુકમથી મહીનો પૂરો થાય છે અને આપથી જ મહીનો શુરૂ થાય છે કેમકે, આપનો વુજૂદ અપના વાસ્તે હકીકી ચાંદ છે.**

ચાંદના હિસાબે ચાલનાર અપના મિસરી યા કમરી કેલેન્ડરની ખાસીયત એ છે કે, હર સાલ કોઈ એક મહીનામાં કોઈ એક મૌસમ રહેતી નથી, હર સાલ મૌસમ બદલાતી રહે છે. આથી ઉલટું શમ્સી કેલેન્ડર, જેનો સૂરજની ચાલ પર નિઝામ છે, તેમાં મૌસમ મુકર્રર રહે છે, ડીસેમ્બર-જાન્યુઆરી માં ઠંડી, એપ્રિલ-મે માં ગરમી, જુલાઈ-ઓગસ્ટમાં વરસાદ હોય છે. શમ્સી સાલ કરતા કમરી સાલમાં ૧૦ દિવસ ઓછા હોય છે, લેહાઝા ૩૬ સાલના અરસામાં એક કમરી સાલ વધી જાય છે. જે શખ્સની વિલાદત વરસાદમાં થઈ હશે, એ ૩૬ સાલ બાદ હિજરી કેલેન્ડર મુજબ એની સાલગિરાહમાં એ જ મૌસમને જોશે, જે મૌસમ એની વિલાદતને વક્ત હતી.

**દરસનો વક્ત :**

નૂરાની મસ્જિદ : દર રવિવાર : સવારે ૧૦:૩૦ વાગે
તૈયેબી મસ્જિદ : દર જુમ્આ : રાતે ૮:૦૦ વાગે. ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★